FILE NO.FRC/PRO./2021-22/ MRB/MRB/223

DT. 4/ 5 /2022

ફી નિયમન સમિતિ
રાજકોટ ઝોન, રાજકોટ.

24330110647

ન્યુ એરા ગ્લોબલ સ્કૂલ
રવાપર -ઘુનડા રોડ, મોરબી -363641
તા – મોરબી
જી.- મોરબી
EMAIL:-hardikpadaliya@gmail.com

OFFICE OF THE FEE REGULATORY COMMITTEE * RAJKOT ZONE *

## નિર્ણય

1. શાળાની ફી અંગેની દરખાસ્ત કમિટીના અધ્યક્ષશ્રી તથા સભ્યો - સંચાલક મંડળના પ્રતિનિધિ એ.ડી.પટેલ, સિવિલ એન્જિનિયર શ્રી વી.સી. પાઠક, શિક્ષણશાસ્ત્રી શ્રી એ.એ.સેતા તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી જી. બી.દેવળીયા સમક્ષ રજૂ કરવામાં આવે છે. આ હુકમ જાહેર કરવાના સમયે સમિતિના હાજર રહેલા સભ્યશ્રીઓએ સહી કરેલ છે.

2. શ્રી. ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ન્યુ એરા ગ્લોબલ સ્કૂલ અંગ્રેજી માધ્યમમાં ધોરણ 1-10 તથા 11-12 વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહ મોરબીમાં ચલાવવામાં આવે છે.

3. શાળાએ વર્ષ 2021-22 થી 2023-24 ની ફી મંજુર કરવા હાલની દરખાસ્ત કરેલ છે.

4. શાળાએ રજુ કરેલ સૂચિત ફી નું માળખું નીચે મુજબ છે.

| STD. | MED. | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|
| Pre-primary | ENG | 55000 | 60000 | 65000 |
| 1-5 | ENG | 70000 | 75000 | 80000 |
| 6-8 | ENG | 73000 | 78000 | 83000 |
| 9-10 | ENG | 77000 | 82000 | 87000 |
| 11-12(sci.) | ENG | 125000 | 130000 | 135000 |
| 11-12(gen) | ENG | 100000 | 105000 | 110000 |

5. શાળાએ દરખાસ્ત સાથે શાળાને લગતી સામાન્ય માહિતી, વિદ્યાર્થી- શિક્ષકો- વર્ગો ની સંખ્યા, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, નાણાકીય માહિતી વગેરે રજૂ કરેલ છે.

6. શાળાએ વર્ગ મંજુરીના હુકમો તથા વર્ષ 2018- 19, 2019-20 તથા 2020-21 ના ઓડિટ રિપોર્ટ રજુ કરેલ છે.

7. ઉપરોક્ત તમામ લેખિત આધારો વંચાણે લીધા.

8. સમગ્ર દેશમાં તાજેતરમાં ઉપસ્થિત થયેલ covid-19ની મહામારી ને કારણે તારીખ 16 -3 -20 થી રાજ્યની તમામ શાળાઓ ( સરકારી, ગ્રાન્ટ-ઇન-એ ઇડ, સ્વનિર્ભર ) બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે કેન્દ્ર સરકાર દ્વારા સમયાંતરે lockdown જાહેર કરવામાં આવ્યું હતું તે સંજોગોમાં શાળાઓ બંધ રાખવામાં આવી હતી અને હાલની પરિસ્થિતિમાં પણ કેન્દ્ર સરકારના આ અંગેના નિર્દેશ મુજબ શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવાનો આદેશ કરવામાં આવેલ છે અને આ પરિસ્થિતિ ધ્યાને લઇને અરજદાર શાળા ના સને 2019-20ના રજુ થયેલ હિસાબ અને તે વર્ષના વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે સને 2021 -22 માટેની ફી, ફી નિયમન સમિતિ નક્કી કરવાનું ઠરાવેલ છે કારણકે સને 2020-21 ના વર્ષ માટે, રાજ્ય સરકારનાં તા.7-10-2020 નાં ઠરાવ મુજબ સને 2019-20 નાં વર્ષ ની FRC દ્વારા મંજુર ફીના 75% રકમ ફી તરીકે લેવાનું ઠરાવ્યું છે. શાળા પૂરેપૂરા સમય ચાલી નથી વિદ્યાર્થીઓની ફી ઓછી આવેલી છે તે જ પ્રમાણે શાળાને પણ ખર્ચનું પ્રમાણ ઓછું થયેલ છે તેથી વર્ષ 2019-20ના વર્ષના ઑડિટ આધારે ફી નક્કી કરવાનું ઠરાવવુ ન્યાયી અને વ્યાજબી છે અને શાળા સંચાલક તથા વિદ્યાર્થીઓના વાલીઓને નુકસાન પણ ન થાય તે હેતુથી અને 2019-20નું વર્ષ નક્કી કરવામાં આવ્યું છે.

9. શાળાએ રજુ કરેલ ઓડિટ રિપોર્ટમાં નીચેની વિગતો નોંધનીય છે.

| Expenditure | 2019-20 in lac | 2020-21 in lac |
|---|---|---|
| સ્કૂલ ફી આવક | 363.89 | 477.95 |
| કુલ આવક | 363.89 | 479.83 |
| પગાર ખર્ચ | 136.93 | 101.53 |
| મકાન ભાડું | 52.00 | 72.00 |
| વિદ્યાર્થી પુસ્તક વિતરણ | 18.31 | 3.67 |
| વિદ્યાર્થી યુનિફોર્મ ખર્ચ | 19.24 | - |
| વિદ્યાર્થી નાસ્તા ખર્ચ | 35.88 | 9.67 |
| સ્ટેશનરી અને પરીક્ષા ખર્ચ | 4.97 | 3.21 |
| સાંસ્કૃતિક પ્રવૃત્તિ ખર્ચ | 15.71 | - |
| ઉત્સવ ઉજવણી ખર્ચ | 3.39 | - |
| જાહેરાત ખર્ચ | 4.45 | 1.25 |
| શિક્ષણ ખર્ચ | 9.60 | - |
| પ્રોવીડન્ડ ફંડ ખર્ચ | 1.72 | 1.73 |
| શિક્ષણ તાલીમ ખર્ચ | 4.86 | 3.22 |
| ઘસારો | 6.01 | 5.30 |
| કુલ ખર્ચ | 381.47 | 501.26 |
| નફો/નુકશાન | -17.57 | -21.42 |

OFFICE OF THE FEE REGULATORY COMMITTEE RAJKOT ZONE

10. શાળામાં વર્ષ 2019-20, 2020-21માંવિદ્યાર્થીઓની સંખ્યા, શિક્ષકોની સંખ્યા,વર્ગની સંખ્યા નીચે મુજબ દર્શાવેલી છે.

| વર્ષ | વિદ્યાર્થીનીસંખ્યા. | શિક્ષકોની સંખ્યા. | વર્ગનીસંખ્યા |
|---|---|---|---|
| 19-20 | 594 | 56 | 26 |
| 20-21 | 653 | | |
| 21-22 | 809 | | |

11. સદર શાળામાં ધો.1 થી 12 નાં વર્ગોનાં એકત્રિત હિસાબ રજુ થયેલ છે. CBSE નાં અભ્યાસ ક્રમ મુજબ શિક્ષણ આપવામાં આવે છે. CBSE નાં એફીલીએસન બાય લોઝ મુજબ વર્ગ તથા શિક્ષકોનું પ્રમાણ 1:1.5છે સદર શાળામાં 23 વર્ગો છે અને 56 શિક્ષકો રાખેલ છે. જયારે 1:1.5નાં પ્રમાણમાં 35 શિક્ષક મળવાપાત્ર થાય તેમાં શાળાની વિદ્યાર્થીની સંખ્યામાં વધારાની સંભવના , અન્ય પ્રવૃતિને ધ્યાને રાખી 46 શિક્ષકો માન્ય રાખવામાં આવે છે. તેમજ યુનિફોર્મએ નાં સુપ્રીમ કોર્ટનાં ચુકાદા તથા શ્રી ગુજરાત સરકારનાં ઠરાવ અન્વયે ઓપ્સનલ છે. જેથી તેનાં ખર્ચનો ફીમાં સમાવેશ થઇ શકે નહિ પરંતુ હાલ વર્ષ પૂર્ણ થયેલ છે. જેથી હવેથી યુનિફોર્મ માટેનો ખર્ચ વૈકલ્પિક સુવિધા તરીકે અલગ ખર્ચ નાખવા આથી સુચના રાખવામાં આવે છે.અન્ય તમામ ખર્ચ મજરે આપવાપાત્ર છે.

- કુલ ખર્ચ રૂ. 348.97 લાખ છે. પગાર ખર્ચ રૂ. 33 લાખ અમાન્ય છે જેથી કુલ માન્ય ખર્ચ 315.97 લાખ થાય.

13. માન્ય ખર્ચ આધારિત વિદ્યાર્થીની સંખ્યા પ્રમાણે વિદ્યાર્થીદીઠ ખર્ચ તથા તેમાં બે વર્ષનો વ્યાજબી વધારો, પર્યાપ્ત ફંડ ની જરૂરિયાત વગેરે ધ્યાને લેતા નીચે મુજબ ફી મંજુર કરવામાં આવે છે.

| STD. | MED. | APPROVED BY FRC 2021-22 | APPROVED BY FRC 2022-23 | APPROVED BY FRC 2023-24 |
|---|---|---|---|---|
| Pre-primary | ENG | 45000 | 48150 | 51580 |
| 1-5 | ENG | 60000 | 64200 | 68700 |
| 6-8 | ENG | 62000 | 66350 | 71000 |
| 9-10 | ENG | 67000 | 71700 | 76700 |
| 11-12(sci.) | ENG | 81000 | 86700 | 92750 |
| 11-12(gen) | ENG | 85000 | 90950 | 97400 |

OFFICE OF THE FEE REGULATORY COMMITTEE RAJKOT ZONE सत्यमेव जयते

15. શાળાએ હુકમમાં દર્શાવ્યા મુજબ નિયત કરેલ ફી લીધી છે તે સબબનુ એફિડેવિટ દિન 30માં કચેરી મારફતે અત્રે રજુ કરવાનું રહેશે તેમજ વધુ વસુલેલ ફી જે વિદ્યાર્થીઓનો અભ્યાસ આગળના વર્ષે ચાલુ રહેલ હોય તેની વસૂલ, મળવાપાત્ર ફી ની સામે મજરે આપેલ છે અને જે વિદ્યાર્થી શાળા છોડી ગયેલ છે તે વિદ્યાર્થી/વાલીને બેન્કિંગ ચેનલથી વધુ વસૂલેલી ફી રિફંડ કરેલ છે તે સબબનુ સોગંદનામું આ હુકમ મળે તેનાં દિન - 30માં રજુ કરવાનું રહેશે.

- ઉપર મુજબની ફી મજરે આપવાના કિસ્સામાં ક્યા વર્ષ ની વસુલવા પાત્ર ફીની સામે કેટલી રકમ મજરે આપી તે અને શાળા છોડી ગયાનાં કિસ્સામાં રિફંડપાત્ર રકમ, ચેક/ આર.ટી.જી.એસ./ ડી. ડી. નંબર, રકમ બેંકમાંથી ઉપાડ્યાની તારીખ આ તમામ વિગતો દરેક વિદ્યાર્થી ના નામ જોગ સી.એ.સર્ટિફાઇડ સ્ટેટમેન્ટ ના સ્વરૂપે રજૂ કરવાની રહેશે અને આ સંપૂર્ણ રકમ ત્યાર પછીના વર્ષના હિસાબોમાં વસૂલી ફી રિફંડ ખાતુ એવા હેડમાં અલગથી દર્શાવવાનું રહેશે.

- આગામી વર્ષમાં આ કચેરીમાં રજૂ કરતી વખતે ઉપર મુજબનું સોગંદનામું અને સી.એ. નું સર્ટીફીકેટ અચૂક રજૂ કરવાનું રહેશે

16. અત્રેની સમિતિ દ્વારા નિર્ધારિત કરેલ સદર ફી ની વિગતો શાળા દ્વારા ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ એમ બંને ભાષામાં નોટિસ બોર્ડ તથા શાળાના વેબસાઇટ પર પ્રદર્શિત કરવાની રહેશે.

17. અત્રેની ફી નિયમન સમિતિ દ્વારા નક્કી કરેલ કરતા વધુ ફી શાળાએ મેળવેલ હોય તે વિદ્યાર્થી અથવા તેના વાલીને દિન- 30માં પરત આપવાની અથવા સરભર કરવાની રહેશે..

18. શાળા એક સાથે માત્ર એક ત્રિમાસિક ફી લઇ શકશે તેનાથી વધુ ફી લેવામાં આવશે તો સ્વનિર્ભર શાળાએ ફી નિયમન અધિનિયમ-2017 ની જોગવાઈ અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

19. નિયત કરેલ ફી સંબંધે સ્પષ્ટતા કરવાની કે આ ફી નામદાર સુપ્રીમ કોર્ટના હુકમને આધિન રહેશે.

20. આ હુકમ થી જો તમે નારાજ હોય તો હુકમ મળ્યાં ના દિવસ 21 માં ફી રિવિઝન કમિટી, બ્લોક-1, વિંગ બી-1, છઠો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – 10 ગાંધીનગર ખાતે રિવિઝન કરી શકાશે.

Sd/-
અધ્યક્ષ
ફી નિયમન સમિતિ,રાજકોટ ઝોન,રાજકોટ
(નિવૃત જિલ્લા ન્યાયધીશ )

ખરી નકલ (હુકમ થી)

(વી.જે.બાબરીયા)
ફરજ પરનાં અધિકારી
ફી નિયમન સમિતિ, રાજકોટ ઝોન, રાજકોટ

OFFICE OF THE FEE REGULATORY COMMITTEE RAJKOT ZONE